**M.A.C.M.A. No. 57 /2025**

**અરજી આંક–૧ લગત હુકમ**

૧) અરજી તથા સમગ્ર કેસ પેપર્સ વંચાણે લીધા.અરજદાર તરફે વિ.વ.શ્રી વાય.એસ.ઠકકર તથા સામાવાળા નં.૩ વિમા કંપની તરફે વિ.વ.શ્રી પી.જી.શાહની રૂબરૂ દલીલો સાંભળી.જયારે સામાવાળા નં.૧,૨ તથા ૪ નાઓને નોટીશ બજવા જતા તેઓ જાતે કે વકીલ મારફતે હાજર થયેલા નથી અને તેમના તરફે કોઈ દલીલ નથી.

૨) આ કામના અરજદારને વાહન અકસ્માતમાં થયેલ ઈજા બદલ અરજદારે એમ.વી.એકટની કલમ ૧૬૬ મુજબ રૂા.૪,૦૦,૦૦૦/–વળતર મેળવવા બાબત સામાવાળા વાહનના ચાલક,માલીક તથા વિમા કંપની વિરુધ્ધ આ વળતર અરજી એમ.એ.સી.ટી.(મેઈન)ટ્રીબ્યુનલ,નર્મદામા દાખલ કરેલ જેને એમ.એ.સી.પી.નં.૧૪૨/૨૦૧૯ આપવામા આવેલ પરંતુ ત્યારબાદ તા.૨૭/૧૨/૨૦૨૨ ના રોજ એમ.એ.સી.ટી.(ઓકઝી)નર્મદા,મુ.રાજપીપળા નાઓએ અરજદાર તથા તેમના વિ.વકીલશ્રીની ગેરહાજરી બદલ અરજી ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરેલ તેનાથી નારાઝ થઈ અરજદારે મુળ એમ.એ.સી.પી.રીસ્ટર કરવા માટે આ અરજી એમ.એ.સી.ટી.(મેઈન)ટ્રીબ્યુનલમાં દાખલ કરેલ છે.વધુમાં અરજદારને રીસ્ટોરેશન અરજી દાખલ કરવામા થયેલ દિન–૮૪ નો વિલંબ માફ કરવા માટે એમ.એ.સી.એમ.એ.નં.૯૭/૨૦૨૩ દાખલ કરેલ હતી જે અત્રેના ટ્રીબ્યુનલે તા.૨૧/૩/૨૦૨૫ ના રોજ મંજુર કરેલ છે.

૩) અરજદાર તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામા આવેલ છેકે અરજદારને વાહન અકસ્માતમા થયેલ ઈજા બદલ વળતર મેળવવા માટે એમ.એ.સી.પી.દાખલ કરેલ છે. અરજદારને કાયમી ખોડ રહેલ છે.અરજદાર તે થયેલ ઈજાના કારણે કાંઈ કામધંધો કરી શકતા નથી તેમની કોઈ આવક નથી.વધુમાં અરજદારના વિ.વકીલશ્રી મુદતે હાજર નહી રહેતા આ અરજી ટ્રીબ્યુનલે ડીસમીસ કરેલ છે.વધુમાં અરજી મંજુર ન કરવાથી અરજદારને નાણામા ખુબ જ મોટુ નુકશાન જાય તેમ હોય અને તેઓ વળતર મેળવવામાથી વંચિત રહી જાય તેમ હોય તેમજ તેઓને અન્યાય થાય તેમ હોય રીસ્ટોરેશન અરજી મંજુર કરવા ભારપુર્વક વિનંતી કરેલ છે.

૪) સામાવાળા તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામા આવેલ છે કે અરજદાર અને તેના વિ.વકીલશ્રી સને ૨૦૧૯ મા એમ.એ.સી.પી.દાખલ કર્યા બાદ સને ૨૦૨૫ સુધી એટલેકે છ વર્ષ સુધી મુદતે હાજર નહી રહેતા કે એમ.એ.સી.પી.આગળ ચલાવવા કોઈ કાર્યવાહી ન કરતા નાછુટકે અત્રેના ટ્રીબ્યુનલે એમ.એ.સી.પી.ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા હુકમ કરેલ છે અને તે હુકમ યોગ્ય અને બરાબર છે.વધુમા એમ.એ.સી.પી.રીસ્ટોર કરવાથી વિમા કંપનીને વ્યાજનુ નુકશાન થાય તેમ હોય અરજી નામંજુર કરવા ભારપુર્વક વિનંતી કરેલ છે.

૫) સમગ્ર હકીકતે, અરજદારને વાહન અકસ્માતમા ઈજા થતા તેમણે વળતર મેળવવા માટે એમ.એ.સી.પી.નં.૧૪૨/૨૦૧૯ દાખલ કરેલ હતી જેમા અરજદાર તથા તેના વિ.વકીલશ્રીની ગેરહાજરીના કારણે અત્રેના ટ્રીબ્યુનલે એમ.એ.સી.પી.ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા હુકમ કરેલ છે. વધુમાં અરજદારની અરજી મંજુર ન કરવામા આવે તો અરજદાર વળતર મેળવવામાથી વંચિત રહી જાય તેવી પરિસ્થિતિનુ નિર્માણ થાય તેમ છે.વધુમા અરજદાર હવે પછી મુદતે હાજર રહી એમ.એ.સી.પી.નો નિર્ણય થાય તેમા સહકાર આપવાની ખાતરી આપે છે.વધુમાં એમ.એ.સી.પી. ડીસમીસ થયા તારીખથી રીસ્ટોર કરવામા આવે તે તારીખ સુધીનુ વ્યાજ પણ તેઓ જતુ કરવા માટે તૈયાર હોવાની રજુઆત કરે છે તેવા સંજોગોમાં રીસ્ટોરેશન અરજી મંજુર કરવી વ્યાજબી જણાય આવતી હોય નીચે મુજબનો હુકમ કરુ છું.

::- **<u>હુ ક મ</u>** -::

૧) સી.પી.સી.ઓર્ડર ૯ રુલ ૪ મુજબ અરજદાર અશ્વિનભાઈ ભારજીભાઈ વસાવાની આ રીસ્ટોરેશન અરજી મંજુર કરવામા આવે છે અને એમ.એ.સી.પી.નં.૧૪૨/૨૦૧૯ એમ.એ.સી.પી. તા.૨૭/૧૨/૨૦૨૨ ના રોજ ડીસમીસ કર્યા તારીખથી આજદિન સુધીનુ અરજદાર વ્યાજ મેળવવા હકકદાર થતા નથી તે શરતે એમ.એ.સી.પી.ફરી ફાઈલે લેવા હુકમ કરવામા આવે છે.

૨) આ હુકમની એક નકલ એમ.એ.સી.પી.નં.૧૪૨/૨૦૧૯ ના રેકર્ડ સાથે બાંધવી.

૩) રજીસ્ટ્રીએ આ હુકમનો તાત્કાલીક અમલ કરવો.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:- રાજપીપળા
તારીખ:-૨૪/૦૩/૨૦૨૬

(**અતુલકુમાર વિનોદભાઈ હીરપરા**)
એમ.એ.સી.ટી.(ઓકઝી)-નર્મદા,મુ.રાજપીપળા
કોડ નં.જીજે.૦૦૬૫૬